જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૧૦/૨૦૨૨ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૫૬/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૭ | ૧ | ૧૪૮ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૦ | ૧ | ૧૦૦૭૦૧ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 03 | ૧,૧૧,300/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 00 | 00/- |

## નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૫૭/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૭૬ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા મુજબ ૦૧ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૫૮/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૭૫૯/૨૦૨૨

**દરીયાપુરઃ** ફિરોજખાન બશીરખાન પઠાણ (ઉ.વ.૨૯)(રહે.રોયલ ફાધર ફ્લેટ, જમાલપુર સિન્ધીવાડ મીઠાની ફેકટરી પાસે, જમાલપુર) એ તા.૩૦/૦૯/૨૦૨૨ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૮/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી આરીફભાઇ અહેમદભાઇ અજમેરી (ધંધોઃ-ગાડી લે-વેચ) (રહે.મોચી પોળ દિલ્હી ચકલા) એ ફિરોજખાનને વિશ્વાસમાં લઇ જુની ગાડી લે-વેચના ધંધામા રોકાણ કરાવી, ફિરોજખાનના બાકી નીકળતા લેણા કુલ રૂપિયા ૬,૮૭,૦૦૦/- નહી આપી ફિરોજખાન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હિદયતઉલ્લા અમાનઉલ્લા ચલાવે છે.

**નિકોલઃ** કૈલાસભાઇ મોટારામ મોદી (રહે.જલધારા સોસાયટી, મુખીની વાડીની સામે, વટવા રોડ, ઇસનપુર) એ તા.૩૦/૦૯/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૨ સાંજના ૬/૩૦ થી તા.૩૦/૦૯/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાનમાં નિકોલ કઠવાડા સિંગરવા રોડ ખાતે આવેલ “શ્રી કુળદેવી જવેલર્સ” નામની દુકાન ખાતે થી આરોપી જયેશભાઇ ઉર્ફે રુદ્ર નરોતમભાઇ રાઠોડ (રહે.બળીયાનગર, અમરાઇવાડી પોસ્ટ ઓફીસ ની સામે, અમરાઇવાડી)એ કૈલાસભાઇને વિશ્વાસમાં લઇ એક સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૮,૫૦૦/- તથા ત્રણ સોનાની વીંટીઓ કિંમત રૂપિયા ૬૫,૨૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૩,૭૦૦/- મતાની ખરીદી કરી, તે પેટે ઓનલાઇન પેમેન્ટ ટ્રાન્સફર કરી આપવાનુ જણાવી આજદીન સુધી કોઇ પેમેન્ટ નહી ચુકવી કૈલાસભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૦/૨૦૨૨**

**ખોખરાઃ** જીતેન્દ્રસિહ હિમ્મતસિંહ સોલંકી (ઉ.વ.૪૫)(રહે.મુકતાનંદ પાર્ક, જામફળવાડી રામોલ રોડ રામોલ) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૯/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર થી ખોખરા અનુપમ બ્રીજના છેડે એપરેલ પાર્ક સામેના રોડ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન જીતેન્દ્રસિંહની નજર ચુકવી રીક્ષા ચાલક તથા રિક્ષામા બેસેલ બે અજાણ્યા પુરૂષ એ ભેગામળી જીતેન્દ્રસિહના પેન્ટના ખિસ્સામાં મુકેલ રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી તેજપાલસિંહ પુરણસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૧/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** રવિન્દ્રકુમાર ભગવાનદાસ પરમાર (ઉ.વ.૩૩)(રહે.શીવલાલ ખ્રીસ્તીની ચાલી, બળીયાદેવ મંદીર સામે, બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૯/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે પૂર્વ કીનારે જમાલપુર બ્રીજ પાસે રીવરફ્રન્ટ વોક-વે રેમ્પ નં-૦૨ ખાતે સાબરમતી નદીના પાણીમાં ઝંપલાવી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાજેશકુમાર દુરબીનસિંહ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** (૧) ધર્મેશભાઇ રામગોપાલ નાયકર (ઉ.વ.૪૦)(રહે.આકાશ ગંગાનગર મેટ્રો પિલ્લર નંબર-૬૪ સામે ઘંટી બસ સ્ટેન્ડની પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૯/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** (૨) ભરતભાઇ જીવણભાઇ ગોહીલ (ઉ.વ.૩૩)(રહે.સિધ્ધેશ્વરી નગર પોસ્ટ ઓફીસ સામે બાગે ફીરદોસ પોલીસ લાઇન વિભાગ-૩ પાસે, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૯/૨૦૨૨ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**નિકોલઃ** શિતલબહેન વા/ઓ અલ્પેશકુમાર કાથરોટીયા(રહે.વિઠ્ઠલનગર સોસાયટી સગર સમાજ ની વાડી પાસે વિરાટનગર કેનાલ ઉપર નિકોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૯/૨૦૨૨ સવારના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.પિપરોત્તર ચલાવે છે.

**દાણીલીમડાઃ** દરક્ક્ષા પરવીન વા/ઓ સહેજાદ શેખ (ઉ.વ.૨૪)(રહે.તવક્કલનગર વિભાગ-૨ રહેમાનીયા મસ્જીદની બાજુમા બોમ્બે હોટલ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૯/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.પિપરોત્તર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી